# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૩૧/૦૧/૨૦૨૫ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ**
**આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ-** **સમાચાર યાદી નં.૧૫૦/૨૦૨૫**

નરોડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૮૨/૨૦૧૧ ઈપીકો કલમ ૪૯૩, ૩૭૬, ૪૦૬, ૩૨૩ મુજબ તથા સેશન્સ કેસ નં.૩૮૮/૨૦૨૩ મુજબ ગુનાના કામે આરોપી મનિષ કનુભાઈ બોરડ (પટેલ) (ઉ.વ.૩૦) (રહે. એ/૧૦ શ્યામલ પાર્ક સોસાયટી બાપા સિતારામ ચોક પાસે નવા નરોડા અમદાવાદ શહેર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા-ફરતા હોય નામદાર જજ શ્રી એમ.બી.કોટક સાહેબ, સેશન્સ જજ કોર્ટ નં.૧૮ સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૧/૦૨/૨૦૨૫ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૫૬ લીટર દેશી દારૂ, ૨૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૩ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઠગાઈઃ-** **સમાચાર યાદી નં.૧૫૩/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** અનિરુધ્ધ અશોકભાઇ મહેતા (ઉ.વ.૩૭) (રહે. તુલસી રેસીડન્સી કૃષ્ણ બંગલોઝની બાજુમાં ન્યુ રાણીપ) એ તા.૩૦/૦૧/૨૦૨૫ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ગોતા અગ્રવાલ મોલની બાજુમાં સિલ્વર રેડીયન્સ-૪ સ્કોડાના શો-રૂમ નજીક સ્ટેલર ઓટોહસ પ્રા.લી.ખાતે કન્સલ્ટન્ટ તરીકે નોકરી કરતા વિજય મોહનભાઇ માંગીલાલ પુરોહીત (રહે. ભમરીયાનાં છાપરાં સોલા ઓવરબ્રીજ થલતેજ) એ માહે સપ્ટેમ્બર-૨૦૨૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ગાડી બુકીંગના એડવાન્સ પેટે ગ્રાહકો પાસેથી રોકડ રકમ મેળવી લઇ, તેમજ ગ્રાહકો પાસેથી ગાડી એક્સચેન્જ કરવા માટે ગાડી લઇ, જે ગાડી વેચાણ કરી ગ્રાહકોને નાણાં નહી આપી તેમજ ગ્રાહકોની ગાડીઓની એસેસરીઝ તથા સર્વિસ મેઇન્ટેનન્સના બહાને નાણાં મેળવી કુલ રૂપિયા ૯,૬૧,૭૯૮/- કંપનીમાં જમા નહી કરાવી ગ્રાહકો સાથે તેમજ કંપની સાથે ઠગાઇ કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.ડીંડોર ચલાવે છે.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૧૫૪/૨૦૨૫**

**શહેરકોટડાઃ** પ્રભાતભાઇ મનસુખભાઇ ગેડીયા (રહે. ચામુંડા સોસાયટી પ્રભાકર ટેનામેન્ટ સામે જી.ડી. હાઇસ્કુલ રોડ સૈજપુર બોઘા) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૧/૨૦૨૫ રાતના ૮/૦૦ થી તા.૩૦/૦૧/૨૦૨૫ કલાક ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન બાપુનગર અનિલ સ્ટાર્ચ વિકાસ ઇન્ડટ્રીયલ એસ્ટેટ અંદર દુકાન નંબર–૨૮ પ્રભાતગૃહ ઉદ્યોગ નામની પોતાની ઓફીસના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી લોખંડની તિજોરીમાંથી રોકડ રૂપિયા ૩,૫૭,૦૦૦/– ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વાય.ડી.સરવૈયા ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૧૫૫/૨૦૨૫**

**ગાયકવાડ હવેલીઃ** ઝરીનાબાનુ વા/ઓ ઉમરભાઈ આગરીયા (રહે. તોહીત પાર્ક ઈબ્રાહીમ મસ્જીદ પાસે ફતેહવાડી જુહાપુરા) એ તા.૩૦/૦૧/૨૦૨૫ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૧/૨૦૨૫ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે જમાલપુર સોની બજાર ખાતે અજાણી વ્યક્તિએ ઝરીનાબાનુ આગરીયાનું પર્સ ચોરી કરી લીધુ હતું. જે પર્સમાં રોકડ રૂપિયા ૫૦,૦૦૦/– તેમજ જરૂરી દસ્તાવેજ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એમ.સાનિયા ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુંઃ–** **સમાચાર યાદી નં.૧૫૬/૨૦૨૫**

**રામોલઃ** તા.૨૯/૦૧/૨૦૨૫ સાંજના ૫/૧૭ વાગ્યાના સુમારે ભારત ફાયર વર્કસ રામોલ રીંગરોડ બકસીનો કુવો વાંચ રોડ ફેકટરીમાં આગ લાગતા ફેકટરીમાં કામ કરતા વિનોદભાઇ લક્ષમણભાઇ ઠાકોર (ઉ.વ.૫૦) (રહે. ૫૬ સર્વે નંબર.૧૫ ના કાચા છાપરાં ગેટ નંબર–૪ રાજીવનગર ટેકરા) દાઝી ગયા હતા. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૦૧/૨૦૨૫ કલાક ૨/૧૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૧૫૭/૨૦૨૫**

**સરખેજઃ**. સરખેજ ઉજાલા સર્કલ અખલાકી મસ્જીદ પાસે સરખેજ કોમ્પલેક્ષ પ્રથમ માળ દુકાન નંબર–૩૨ ખાતે રહેતા સુભાષસિંહ સ/ઓ ભવાનીસિંહ રાજપુત (ઉ.વ.૨૨) (મુળવતન. ગામ.મૃગપુરા, પોસ્ટ.મસુરી તા.અટીર જી.ભીંડ મધ્યપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૧/૨૦૨૫ કલાક ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે કમરપટ્ટા તથા મફલર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.પરમાર ચલાવે છે.

**નરોડાઃ** અશોકભાઈ વાલજીભાઈ વાઘેલા (ઉ.વ.૫૬) (રહે. આત્રેય એલીગન્સ રણાસણ રેલવે ફાટક પાસે નરોડા) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૧/૨૦૨૫ બપોરના ૪/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે બાલ્કનીમાં લોખડના ખિલા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કિરીટકુમાર વિઠ્ઠલદાસ ચલાવે છે.

**નિકોલઃ** સાહિલ ગિરધરભાઇ પંચાલ (ઉ.વ.૨૨) (રહે. દિવ્યજીવન સત્ય ફલેટ માનસી બંગ્લોઝની બાજુમાં નિકોલ) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૧/૨૦૨૫ સાંજના ૫/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભરતકુમાર અજાજી ચલાવે છે.

**કાગડાપીઠઃ** ચંદ્રેશકુમાર મંગુજી હડુલા (ઉ.વ.૨૪) (રહે. શિવાલય એપાર્ટમેન્ટ સુમેલ-૩ ની બાજુમાં કાંકરીયા રોડ) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૧/૨૦૨૫ સાંજના ૭/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.ચૌહાણ ચલાવે છે.

**નારોલઃ** છનાભાઈ કરશનભાઈ મકવાણા (ઉ.વ. ૬૮) (રહે. એન ૨/૧૨ ઓમશાંતિનગર-૨ કર્ણાવતી-૧ પાસે નારોલ) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૧/૨૦૨૫ સાંજના ૫/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી. સાંબડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી